**અમદાવાદનાં મહે. નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. નવરંગપુરા કોર્ટ, જિ.અમદાવાદ (ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નંબર– ૪૮૨૬૬/૨૦૨૫**

આંક–

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપીઓ:– ૧.સુમિતભાઈ હરગોવનભાઈ પંચાલ
૨. પ્રહલાદભાઈ બાબુભાઈ પંચાલ
૩. મહેશભાઈ સોમાભાઈ પંચાલ
૪. શૈલેષભાઈ બાબુભાઈ પંચાલ
૫. ધર્મેન્દ્રભાઈ કરશનભાઈ પંચાલ.
૬. વિષ્ણુભાઈ નાગરભાઈ પંચાલ

**<u>ગુનો:– જુગારધારાની કલમ– ૧૨/૧૨(અ)મુજબ.</u>**

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ જુગારધારા કલમ– **<u>૧૨/૧૨(અ)</u>**મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.
૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવે છે, ફરિયાદપક્ષે રજુ ફરિયાદ, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે જુગારધારા કલમ– **<u>૧૨/૧૨(અ)</u>** મુજબ ના ગુનામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપી દીઠ રૂા. ૧૦૦/– એટલે કે કુલ રૂા.૧૦૦×૬=૬૦૦ /– (અંકે રૂપિયા છસો હજાર) પુરાનો દંડની સજા ફરમાવામાં આવે છે તથા આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો કોઈ આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને બાકી રહેલ બિનકિંમતી મુદ્દામાલ અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે કિંમતી મુદ્દામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા. ૧૩/૧૨/ ૨૦૨૫ ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( ચિરાગ વામનરાય ભટ્ટ )
નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ , અમદાવાદ (ગ્રામ્ય)
યુનીક કોડ નં. જી.જે.૦૧૩૯૫

તારીખ– ૧૩/૧૨/ ૨૦૨૫
નવરંગપુરા કોર્ટ–સ્પે.સિટીંગ